અપીલ અરજી નં.૧૫૫ તા.૧–૭–૧૧
ફોન નં. ૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી પંકજભાઈ પાટીલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી પંકજભાઈ પાટીલની તા.૧૧–૫–૧૧ની અરજીથી બમરોલી જનરલ હોસ્પિટલ ૧૧૯/૧૨૦ ન્યુ હરીધામ સોસા. ૧૨૦ ફુટ બમરોલી રોડ ડો. હેંગડેવાર પુલની પાસ ે આવેલ હોસ્પિટલને મોબાઈલ ટાવર લગાડવાની પરવાનગી આપવામાં આવેલ છે કે કેમ? તેની વિગતવાર માહિતી. આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની અપીલ તા.૧–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૫૫/૨૦૧૧–૧૨

શ્રી પંકજભાઈ પાટીલની તા.૧૧–૫–૧૧ની અરજીથી બમરોલી જનરલ હોસ્પિટલ ૧૧૯/૧૨૦ ન્યુ હરીધામ સોસા. ૧૨૦ ફુટ બમરોલી રોડ ડો. હેંગડેવાર પુલની પાસે આવેલ હોસ્પિટલને માબાઈલ ટાવર લગાડવાની પરવાનગી આપવામાં આવેલ છે કે કેમ? તેની વિગતવાર માહિતી. આપવા બાબતે આજ દિન સુધી મળી ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૭–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૪૭૮ તા.૧૪–૭–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતીની વિગત સ્પષ્ટ અને પૂરી જણાવેલ નથી તો તે જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે અરજદાર તરફથી પણ પત્ર સંદર્ભે કોઈ વિગત પૂરી પડાયેલ જણાતી નથી.

અરજદારની તા.૧૧–૫–૧૧ ની અરજીથી અરજીથી બમરોલી જનરલ હોસ્પિટલ ૧૧૯/૧૨૦ ન્યુ હરીધામ સોસા. ૧૨૦ ફુટ બમરોલી રોડ ડો. હેંગડેવાર પુલની પાસે આવેલ હોસ્પિટલને માબાઈલ ટાવર લગાડવાની પરવાનગી આપવામાં આવેલ છે કે કેમ? તેની વિગતવાર માહિતી આપવી સરકારશ્રીના કયા વિભાગ ધ્વારા આ હોસ્પિટલને મોબાઈલ લગાડવાની પરવાનગી આપવામાં આવે છે તેની માહિતી આપશો. હોસ્પિટલને કેવા પ્રકારની પરવાનગી કોર્પોરેશન તરફથી આપવામાં આવી છે તેની વિગતવાર માહિતી આપશો. હોસ્પિટલના ટેરેસ પર મોબાઈલ ટાવર હોવું કાયદેસર થતું હોય તો કાયદાની જોગવાઈ પ્રમાણે માહિતી આપવી. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પાડેલ જણાતી નથી. કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૧/૫/૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી પંકજભાઈ પાટીલ,